# સુરતના નામ. બીજા વધારાના ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓની કોર્ટમાં

ફોજદારી કેસ નં. ૮૮૮૪ / ૨૦૦૯

## આંક – ૧ લગત હુકમ

૧. ફરીયાદી દ્વારા હાલની ખાનગી સ્વરૂપની ફરીયાદ ધી એન. આઈ. એક્ટની કલમ–૧૩૮ મુજબની અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલી છે. આ કામનુ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતા ફરીયાદપક્ષ હાજર રહી સદર ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવવામાં નિષ્ફળ રહેલ છે.

૨. કાર્યવાહીનુ રેકર્ડ ધ્યાનમાં લેતા સદર કામ આરોપીનું નવું સરનામું રજુ થવાના સ્ટેજ પર છે. સદર કામે ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી મુદત દરમિયાન નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેતા નથી. તેમજ ફરીયાદીને હાજર રહી આગળની કાર્યવાહી કરવા માટે અવારનવાર પ્રોસેસ કાઢવામાં આવેલ છે જે ફરીયાદી જણાવેલ સરનામાવાળી જગ્યા ખાલી કરીને જતા રહેલ છે તેવા શેરા સાથે વગર બજે પરત આવેલ છે. ફરીયાદીને વગર બજે પરત આવેલ પ્રોસેસ સદર કામમાં રજુ રાખવામાં આવેલ છે. આમ, ફરીયાદીને અવારનવાર પ્રોસેસ કાઢવામાં આવેલ છે પરંતુ ફરિયાદી ફરિયાદમાં જણાવેલ સરનામે મળી આવેલ ન હોય, ફરીયાદીને બજી શકેલ નથી. તેમજ ફરિયાદી કે તેમના વિ.વ.શ્રીએ હાજર રહી આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ, સદર કામ ફરીયાદીની ગેરહાજરીનાં કારણે આગળ ચાલી શકતુ ન હોય, સદર કામ ડોરમેન્ટ ફાઈલ પર મુકવામાં આવેલ. ત્યારબાદ, સદર કામ રેગ્યુલર બોર્ડમાં લેવામાં આવેલુ.

૩. ખાનગી ફરીયાદના કામે ફરીયાદીએ આરોપીને હાજર કરવા માટે પ્રોસેસ બજાવવાના પ્રયાસ કરવા પડે તથા સરનામું રજુ કરી કાર્યવાહી આગળ ચલાવવાની હોય છે. ફરીયાદી દ્વારા હાજર રહી આરોપીને રજુ રખાવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આમ, સદર કામ ઘણા લાંબા સમયથી આરોપીનું નવુ સરનામુ રજુ થવાના સ્ટેજ ઉપર ચાલી રહેલ છે. સદર કામે ફરિયાદી કે તેમના વિ.વકીલશ્રી ઘણા લાંબા સમયથી કોર્ટ સમક્ષ હાજર રહેતા નથી. આમ, સદર તમામ સંજોગો જોતા ફરીયાદીને સદર કેસ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોય તેમ જણાય છે.

૪. નામ. બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચ દ્વારા **Ramzan Khan S/O. Kadar Khan Pathan vs Khadim Tours And Travels** ક્રીમીનલ એપ્લીકેશન (APPA) ૭૦૮/૨૦૧૮૭ ના કેસમા તા. ૨૪/૪/૨૦૧૯ ના રોજ પેરા ૬ થી ૮ માં ઠરાવેલ છે કે,

"6. When the complaint and/or proceedings is filed by the litigant before the Court of law, it is onerous duty to prosecute the same diligently. The applicant cannot be dormant for years together as observed in the present case. Unless and until the non-applicants are served in the proceedings before the Court below, the said proceedings could not proceed further. Since it is a private complaint, it was duty of the applicant/complainant to take all necessary steps to serve the non-applicants.

7. It appears from conduct of the applicant/complainant that it is his luxurious litigation. The Courts are experiencing filing of unnecessary litigations since there are some type of litigants who want to forment their ego.

8. Unnecessary filing of complaints and/or after filing of complaints, no step is taken and, therefore, the Courts are unnecessarily burdened and learned Judge below is unable to devote time for the litigants who are diligently prosecuting their proceedings has to remain in queue. This type of attitude on the part of the litigants has to be curbed though it is the right of citizens to approach to the Court of law for redressal of their grievance, if any. At the same, time, it is the duty of such citizens to prosecute the remedy availed of diligently and should not allow proceedings to remain in a dormant state for years together."

આ સંબધે નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા એસ. રામાક્રિષ્ના વિ. રામીરિડ્ડી, (૨૦૦૮) (૦) એ.આઇ.આર. (એસ.સી.સી.) ૨૦૬૬ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરીયાદીને અચોક્કસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહી. આવો જ મત નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ.સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તા. ૧૮.૦૧.૨૦૧૦ ના ચુકાદામાં વ્યકત કરવામાં આવેલ છે. અત્રેની અદાલત ધ્વારા ક્રિ.પો.કોડની કલમ– ૨૫૬ ના કાયદાકીય પ્રબંધ ધ્યાને લેવામાં આવેલ છે.

૫. આમ, હાલના કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી ધ્વારા હાજર રહી લાંબા સમયથી આરોપીને પ્રોસેસ બજાવવા માટે કોઈ પ્રયત્ન કરાયેલ ન હોઈ અને ફરીયાદી પણ હાજર રહેલ ન હોય ફરીયાદીને સદર કેસ આગળ ચલાવવામાં કોઇ રસ હોવાનુ જણાઈ આવતુ નથી તે તમામ સંજોગોમાં તથા હાલની ફરીયાદ ઘણી જુની હોય વધુ સમય પડી રાખવી યોગ્ય જણાય આવતી ન હોય ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ફરીયાદીની હાલની ફરીયાદ વોન્ટ ઓફ પ્રોસીકયુશનના કારણે ડીસમીસ ફોર ડિફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૨ મી, માહે–જુન, સને–૨૦૨૪ ના રોજ સ્પેશિયલ સીટીંગમાં જાહેર કર્યો.

સ્થળઃ સુરત.
તારીખઃ ૨૨/૦૬/૨૦૨૪.

**(જિજ્ઞાશા માણેકલાલ ગજ્જર)**
બીજા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,સુરત.
(કોડ નંબરઃ જી.જે.૦૦૯૨૧)